## કાલીકંકર ગામે ઝઘડાની અદાવત રાખી ૨૭ પશુઓની લૂંટ કરાતા ૨૨ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૨

પોશીના તાલુકાના કાલીકંકર ગામે તાજેતરમાં અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી રાજસ્થાનના કોટડા તાલુકાના પાડલી ગામે રહેતા એક શખ્સ સાથે થયેલા ઝઘડા બાદ ૨૨થી વધુ લોકોએ કાલીકંકર ગામે આવી ગાય, બળદ, ભેંસ સહિત રૂા.૮૧૫૦૦ની કિંમતના ૨૭ પશુઓની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ શનિવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે કાલીકંકર ગામે તલાવ ફળામાં રહેતા હરીયાભાઈ માનાભાઈ ગમારના ભત્રીજાએ રાજસ્થાનના કોટડા તાલુકાના પાડલી ગામે રહેતા મણાભાઈ નાનાભાઈ બુબડીયાના સગા સાથે ઝઘડો થતાં ફરિયાદ કરી હતી. જેની અદાવત રાખીને ૨૨ શખ્સોએ ગત તા.૧૫ નવેમ્બરના રોજ કાલીકંકર ગામે આવી હરીયાભાઈ સીમમાં ઢોર ચરાવતા હતા ત્યારે મણાભાઈ બુબડીયા તથા અન્ય ૨૧ શખ્સોએ કહ્યુ હતું કે અમારા સગા વિરધ્ધ કેમ ફરિયાદ કરી છે તેમ કહી ખુલ્લી તલવારો, તીર-કાંમઠા તથા પથ્થરમારો કરી દેકારો મચાવી દીધો હતો. ત્યારબાદ આ ટોળુ રૂા.૮૧૫૦૦ની કિંમતના ૨૭ પશુધનની લૂંટફાટ ભાગી ગયા હતા. ત્યારબાદ હરીયાભાઈ બુબડીયાએ શનિવારે ૨૨ જણા વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## આપણી સહાયનો અપેક્ષાર્થી : હોલો



એક જમાનો હતો કે હોલાના 'પ્રભુ તુ... પ્રભુ તુ..' એવા મીઠા રણકારથી આપણી સવાર પડતી. હોલાનું મનોહર રૂપ જોઈને જ આપણો દિવસ ઊગતો. આજે સિમેન્ટનાં જંગલોમાં આ પક્ષી લુપ્ત થઈ રહ્યું છે. પ્રસ્તુત તસવીર આજની યુવા પેઢીને સમર્પિત છે અને એમને સંદેશ છે કે આવા સુંદર પક્ષીનું જતન એ આપણી જવાબદારી છે, એને આપણી જરૂર છે. જો આપણે તેનું જતન નહીં કરીએ તો આવનારી પેઢીને આવી તસવીરોથી જ જાણ થઈ શકશે કે 'હોલો' નામનુંય એક પક્ષી હતું !

(તસવીર : નિકુંજ પી વૈશ્યક)

## વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાનમાં વધારો નોંધાયો

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ સહિત રાજયભરમાં ફરી એકવાર તાપમાનમાં વધારો નોંધાયો છે. પૂર્વ-મધ્ય અરેબિયન દરિયા પર સર્જાયેલા લો પ્રેશરના પરિણામ સ્વરુપે એક નવી સ્થિતિ સર્જાઈ છે. અપર એર સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ રહી છે જેના પરિણામ સ્વરુપે તાપમાનમાં ફેરફારની સ્થિતિ દેખાઈ રહી છે.

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત, દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર, દિવ-દમણમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદી ઝાપટા પડી શકે છે. જો કે, તમામ જગ્યાઓએ તાપમાનમાં ઉલ્લેખનીય વધારો થયો છે. અમદાવાદમાં ૨૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું જ્યારે નલિયામાં તાપમાન ૧૭.૮ ડિગ્રી થઈ ગયું હતું.

તાપમાનમાં ફરી વાર વધારો

**ગીર-સોમનાથ, વડાલામાં વરસાદ નોંધાયો**

આશ્ચર્ય સર્જે છે. કારણ નવેમ્બરની પૂર્ણાહૂતિ થવા આવી હોવા છતાં હજુ સુધી ઠંડીનો અપેક્ષા કરતા ઓછો ચમકારો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં તાપમાનમાં ફેરફારની સ્થિતિ સતત જોવા મળી શકે છે. નવેમ્બર મહિનાની પૂર્ણાહૂતિ થવા આડે હવે ગણતરીના દિવસ રહ્યા છે ત્યારે ઠંડીની અપેક્ષિત શરૂઆત હજુ પણ જોવા મળી રહી નથી. તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે.



પવિત્ર કર્તવ્ય - મતદાન : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે અમદાવાદમાં મતદાન કરવા ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિત શાહ દિલ્હીથી ખાસ પધાર્યા હતા... રાજ્યના મુખ્યમંત્રી અનેક વ્યસ્તતાઓની વચ્ચે પણ પ્રથમ મતદાન કરી દિવસની શરૂઆત કરી હતી. મહાનગરપાલિકામાં રાજકીય નેતાઓના મતદાનના પ્રારંભથી મતદારોનો જોમ-જુસ્સો વધ્યો હતો...

## સંતુલિત વિકાસ માટે કોંગ્રેસ કટિબદ્ધ : ભરતસિંહ સોલંકી

અમદાવાદ, તા.૨૨

છ મહાનગરપાલિકામાં મોટી સંખ્યામાં મતદાતાઓએ પોતાના

**લોકતંત્ર માટે મતદાન ખુબ જરૂરી છે : મોટી સંખ્યામાં નામો કોઈ પ્રકારની મતદારોને જાણ કર્યા વગર કમી કરાયા છે : પંચની પણ બેદરકારી છે : કોંગ્રેસ**

મતના અધિકારનો કરેલ ઉપયોગ બદલ આભાર વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતુ કે, લોકશાહીના આ પર્વમાં તમામ મતદારો પોતાના મત અધિકારનો ઉપયોગ કરે તે લોકતંત્ર માટે જરૂરી છે. મતદાતાઓને મતનો અધિકાર બંધારણીય અધિકાર - મૂળભુત અધિકાર છે. રાજયના શહેરોનો સંતુલિત વિકાસ થાય તે માટે કોંગ્રેસ પક્ષ કટિબધ્ધ છે. કમનશીબે ગુજરાતની ભાજપ સરકાર ચૂંટણી જીતવા માટે વિવિધ હથકન્ડા અપનાવે છે. આજે જ્યારે રાજયના છ મહાનગરોમાં વિવિધ વોર્ડ મતદાતાઓના મોટી સંખ્યામાં નામો કોઈપણ પ્રકારની મતદાતાઓને જાણ કર્યા વિના બારોબાર કમી કરી નાંખવામાં આવ્યા હતા. આ અંગે તપાસ કરતા પ્રથમ દ્દષ્ટિએ જણાય છે કે, ચૂંટણી પંચ પોતાની બંધારણીય ફરજ બજાવવાને બદલે ભાજપ પક્ષને મદદરૂપ થાય તે પ્રકારે કામગીરી કરી છે. આ અંગે વિવિધ વિસ્તારોમાંથી મતદાતાઓના નામ કમી અંગે વ્યાપક ફરિયાદ મળતા તાત્કાલીક ચૂંટણી અધિકારીઓને અને રાજય ચૂંટણી પંચને કોંગ્રેસ પક્ષ દ્વારા નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે ગંભિરતાથી રજુઆત કરવામાં આવી હતી.

## આજે મુખ્યમંત્રી આનંદીબેન અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી પ્રચાર કરશે

| સમય | વિગત | સ્થળ |
|---|---|---|
| સવારે ૧૦.૩૦ | જાહેરસભા | કે.એન. હાઈસ્કુલ ગ્રાઉન્ડ, મોડાસા, જિ. અરવલ્લી |
| સવારે ૧૧.૪૫ | સામાજિક આગેવાનો, પ્રબુદ્ધ નાગરિકો અને પદાધિકારીઓ સાથે બેઠક | ભામાશા હોલ, એમએલ ગાંધી કોલેજ, મોડાસા જિ. અરવલ્લી |
| બપોરે ૨.૦૦ | જાહેરસભા | ઉત્સવ પાર્ટી પ્લોટ, હિંમતનગર, જિ. સાબરકાંઠા |
| બપોરે ૩.૩૦ | જાહેરસભા | શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ, પ્રાંતિજ, જિ. સાબરકાંઠા |

## રાજયભરમાં પાટીદારોના મતદાનના દિવસે દેખાવો જારી



પાટીદાર સમુદાયના લોકોએ આજે મતદાનના દિવસે પણ ઘણી જગ્યાએ દેખાવો કર્યા હતા જેમાં મહિલાઓ પણ જોડાઈ હતી. લોલીપોપ સાથે દેખાવો કરવામાં આવ્યા હતા. ભાજપ સરકાર દ્વારા પાટીદારોની માંગને સંતોષવાના પ્રયાસરૂપે જાહેર થયેલી યુવા સ્વાવલંબન યોજના ને જે તે સમયે પાટીદારોએ લોલીપોપ સમાન સમાન જણાવીને રાજયભરમાં ભારે વિરોધ કર્યો હતો. આજે જ્યારે રાજયની ૬ મહાનગરપાલિકા માટે મતદાન ચાલી રહ્યું છે. ત્યારે આજે પણ પાટીદારોને સરકારી લોલીપોપની યાદ તાજી કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. રાજયમાં મોટાભાગના વિસ્તારોમાં પાટીદારો મતદાન મથક પર લોલીપોપ સાથે પહોંચ્યા હતા.

## ભારે મતદાન બદલ મતદારોનો આભાર માનતા આર.સી. ફળદુ

અમદાવાદ, તા.૨૨

ભાજપ પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુએ આજ રોજ

**મતદારો વિકાસની ગતિ આપવા મત આપી રહ્યા છે : ભાજપ તરફી કરેલા મતદાનથી વિકાસને વધુ વેગ મળશે**

રાજયની ૬ મહાનગરપાલિકાઓ માટે યોજાયેલ મતદાનમાં શાંતિપૂર્ણ મતદાન કરવા બદલ મહાનગરોના મતદારોનો આભાર માન્યો હતો. ફળદુએ તમામ મહાનગરોમાં સમાજના વિવિધ વર્ગના યુવાનો - સ્ત્રીઓ - વકિલોએ આજ રોજ ભાજપા તરફી કરેલા મતદાનથી વિકાસને વેગ મળશે. આજનું મતદાન એ વિકાસના સમર્થન માટેનું મતદાન છે. રાજયના પ્રજજનોએ છેલ્લા બે દાયકાથી ભાજપાએ અપનાવેલા વિકાસના માર્ગમાં ભાગીદાર બની મહાનગરોના ઉત્થાનનું કાર્ય છે.

ફળદુએ સ્થાનિક સ્વરાજયની કોંગ્રેસ દ્વારા થઈ રહેલા અપપ્રચાર અને નકારાત્મક અભિગમને મતદારોએ જાકારો આપ્યો છે તેવુ જણાવી ઉમેર્યું હતું કે, કોંગ્રેસ સત્તાપ્રાપ્તિ માટે લોકોને ગુમરાહ કરવાના પ્રયત્નો કરે છે પણ તેમાં હંમેશા નિષ્ફળ રહી છે. ફળદુએ પુનઃમતદારોને શાંતિપૂર્ણ મતદાન કરવા બદલ અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ભાજપામાં પ્રજાજનોનો વિશ્વાસ એ ભાજપાની મૂડી છે અને આજના મતદાનમાં એ સ્પષ્ટ જણાઈ આવે છે.

### અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

રહેલા અને અલગ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા બનેલા મોહમ્મદ અલી ઝીણાએ સ્થાપેલા કરાંચીના અંગ્રેજી દૈનિક 'ડૉન'માં તો વડાપ્રધાન શરીફના દિવાળી સંદેશ પર આવકાર્ય તંત્રીલેખ પ્રકાશિત કરીને એનું સમાપન આ કથનથી કરવામાં આવ્યું છેઃ "પાકિસ્તાનના નાયકો(હીરોઝ) જરૂરી નથી કે બહુમતીમાં જ હોય.'પાકિસ્તાનમાં લઘુમતી હિંદુઓ માટેની આવી ખુલ્લી સ્વીકૃતિ સંભવતઃ પહેલીવાર જોવા મળે છે. સંયોગ પણ જુઓ કે હજુ ગયા ફેબ્રુઆરી ૨૦૧૫માં મૃત્યુ પામેલા જસ્ટિસ રાણા ભગવાનદાસ વર્ષ ૨૦૦૭માં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના સર્વપ્રથમ અને એકમાત્ર હિંદુ મુખ્ય ન્યાયમૂર્તિ હતા અને બાંગલાદેશમાં સુપ્રીમ કોર્ટના સર્વપ્રથમ હિંદુ મુખ્ય ન્યાયમૂર્તિ એસ.કે. સિંહાની ત્રણ વર્ષની મુદત માટે નિયુક્તિ પણ જાન્યુઆરી ૨૦૧૫માં થઈ હતી.બ્રિટિશ ઈન્ડિયામાંથી અલગ થયેલા બે મુસ્લિમ-બહુલ દેશોમાં આવેલા પરિવર્તનમાં હિંદુ લઘુમતી સાથે ન્યાય તોળાશે કે કેમ એ આવતા દિવસોમાં સ્પષ્ટ થઈ જશે.

### કાયદો અને કાનૂન (૪ પાનાનું ચાલુ...)

#### વિજળી જતા વેન્ટીલેશન ઉપર દર્દીનું મોત થાય તો વિજળી કંપની અને હોસ્પિટલ જવાબદાર

પાવર કટની અગાઉથી જાહેરાત પાવર કંપની દ્વારા કરવામાં ના આવે અને અચાનક વિજળી ગુલ થાય જેના કારણે હોસ્પિટલમાં વેન્ટીલેટર ઉપર રહેતા દર્દીનું મોત નિપજતા મૃતકના પરિવારજનોએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં વિજ કંપની અને હોસ્પિટલ સામે બેદરકારી અને વળતર મેળવવા વારસદારોએ કરેલ દાવાને મંજુર કરી હોસ્પિટલ અને વિજ કંપનીને દર્દીના મોત માટે જવાબદાર ઠેરવ્યા છે.

સદર કેસમાં પશ્ચિમ ગુજરાત વિજ કંપનીએ પાવર કટની અગાઉથી જાહેરાત ના કરવા બદલ તેમજ સી. જે. હોસ્પિટલને વિજળીની વૈકલ્પીક વ્યવસ્થા ના કરવા બદલ જવાબદાર ઠેરવી મૃતક દર્દીના વારસદારોને ૫૦ હજાર ફરીયાદ તારીખથી છ ટકાના વ્યાજ સહ ચુકવવા માટે ગ્રાહક તકરાર નિવારણ ફોરમે હુકમ કરેલ છે.

મૃતક મધુબેન નટવરલાલ વ્યાસને સુરેન્દ્રનગરની સી. જે. હોસ્પિટલમાં ડિસેમ્બર-૨૦૧૦ માં દાખલ કરવામાં આવેલ ગંભીર હાલતના દર્દીને હોસ્પિટલના ડોકટરોએ વેન્ટીલેશન ઉપર રાખેલા. આ વિસ્તારમાં વિજળી પુરવઠો પુરો પાડવાની જવાબદારી પશ્ચિમ ગુજરાત વિજ કંપનીની હતી. સી. જે. હોસ્પિટલ વિજ કંપનીની ગ્રાહક હતી અને દર માસે બીલ નિયમિત ચુકવતી હતી. ૧૬, ડિસેમ્બર-૨૦૧૦ ના રોજ અચાનક વિજ પુરવઠો બંધ થતા હોસ્પિટલના સત્તાવાળાઓએ વૈકલ્પીક જનરેટરની વ્યવસ્થા ના કરતા દર્દીનું અચાનક વેન્ટીલેટર ઉપર પુરતા પ્રમાણમાં ઓકસીજન ના મળતા મોત નિપજેલ જે અંગે મૃતકના પરિવારજનોએ આર. ટી. આઈ. એકટ મુજબ આ બાબતના કારણો સહિતની માંગણી કરતી અરજી કરતા હોસ્પિટલના સત્તાધિશો દર્દીનું મોત વિજળી જતા થયાનું જણાવેલ અને જણાવેલ કે વિજળી જાય તો પણ ૪૫ મિનીટ સુધી મશીનો ચાલુ રહે તેવી વ્યવસ્થા છે પરંતુ આખો દિવસ વિજળી પુરવઠો બંધ રહેવાના કારણે દર્દીનું મોત નિપજેલ છે.

વિજ કંપનીએ બચાવમાં જણાવેલ કે દર ગુરૂવારે સુરેન્દ્રનગરમાં વિજ પુરવઠો બંધ રાખવામાં આવતો હોય પૂર્વ નોટીસ આપેલ નથી જેનો સરકયુલર વિજ પુરવઠા ઈન્સ્પેકટરે અગાઉ પ્રસિધ્ધ કરેલ જે હોસ્પિટલના સત્તાવાળાએ ધ્યાનમાં લીધેલ નહી તેમજ વિજ પુરવઠો ખોરવાય તો વૈકલ્પીક વ્યવસ્થા તરીકે જનરેટર કે ઈન્વેન્ટર જેવા સાધનોની વ્યવસ્થા રાખેલ નહી જે બેદરકારીના કારણે દર્દીનું મોત નિપજવાનું પુરવાર થતા ગ્રાહક તકરાર નિવારણ ફોરમે હોસ્પિટલને જવાબદાર ઠેરવી મૃતકના પરિવારજનોને અરજી તારીખથી ૫૦ હજાર વળતર તથા ૬ ટકા ના વ્યાજસહ તથા કાયદાકીય ખર્ચ પેટે એક હજાર અલગથી ચુકવવાનો હુકમ કરેલ છે. વિજ કંપનીના ઈન્સ્પેકટરે સરકયુલર બહાર પાડેલ પરંતુ તેને અગાઉથી જાહેર નોટીસ પ્રસિધ્ધ ના કરવાની બેદરકારીના કારણે વિજ કંપનીને પણ સંયુકત રીતે કસુરવાર ઠેરવેલ અને સદરહુ ખર્ચ વળતર સંયુકત તેમજ વિભક્ત રીતે મૃતકના પરિવારજનોને ચુકવવાનો હુકમ કરેલ છે. આ આદેશ વિરૂધ્ધની અપીલને પણ કમિશ્નરે ફગાવી નીચલી કોર્ટનો હુકમ માન્ય ઠરાવેલ છે.

જાગો ગ્રાહક જાગો... કાયદો જાગતાને મદદ કરે જ છે.

### શાંતિપૂર્ણ મતદાન ● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદાન થયું હતું જે ૨૦૧૦માં યોજાયેલા ૪૪.૧૨ ટકા મતદાન કરતા ત્રણ ટકાથી વધારે છે. આવીજ રીતે વડોદરામાં ૨૦૧૦માં ૪૪.૪૧ ટકાની સામે ૪૭ ટકા મતદાન થયું હતું. રાજકોટમાં પણ ગયા વખત કરતા ખુબ વધારે મતદાન થયું છે. તમામ જગ્યાઓ ઉપર ઉંચા મતદાનથી ભાજપ કોંગ્રેસમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. અને સામ સામે જીતના દાવા પણ શરૂ થઈ ગયા છે. સુરતમાં ૪૪, ભાવનગરમાં ૫૦ અને જામનગરમાં ૪૭ ટકા મતદાન નોંધાયું છે. આજે સવારથી તમામ છ મહાનગરપાલિકામાં મતદાનને લઈને મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલીક જગ્યાએ તો સવારમાં જ મોટા ભાગના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તમામ જગ્યાએ મતદાન શાંતિપૂર્ણ રહ્યુ હતુ. નવા સીમાંકન બાદ આ વખતે ચૂંટણીને લઈને મતદારોમાં પણ દુવિધા પ્રવર્તી રહી હતી. ભાજપ અને કોંગ્રેસ બંનેને પ્રથમ વખત ઈવીએમમાં ઉમેરવામાં આવેલા નોટાનો ભય પણ સતાવી રહ્યો છે.અલબત્ત આ વખતે નરેન્દ્ર મોદીના કરિશ્માની ગેરહાજરીમાં ભાજપ માટે કોર્પોરેશનની ચૂંટણી વધારે પડકારરુપ બની ગઈ છે. પટેલ આંદોલનના કારણે પણ ભાજપને માઠી અસર થઈ છે તેમ રાજકીય પંડિતો માની રહ્યા છે.મોટી સંખ્યામાં મતદારો ધરાવતા એવા પાટીદાર સમુદાયમાં ભાજપને લઈને નારાજગી છે તે જોતા ભાજપના સભ્યો આજે ચિંતાતુર દેખાયા હતા. ગુજરાત રાજ્યની છ મહાનગરપાલિકા પૈકીની અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગરની ૫૬૮ બેઠકો માટે આજે મતદાન યોજાયુ હતુ. રાજ્યની છ મહાનગરપાલિકાની કુલ ૫૬૮ બેઠકો માટે ૧૨૬૧૬ મતદાન મથકો ઉપર આજે મતદાન યોજાયુ હતુ. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કરવામાં આવેલા નવા સીમાંકન મુજબની આ ચુંટણીમાં એક વોર્ડ ચાર કાઉન્સીલર ૫૦ ટકા મહિલા અનામત, ઈ-વોટીંગ જેવા મુદ્દાઓને લઈને મતદાન યોજાયુહતુ. રાજ્ય ચુંટણીપંચ દ્વારા છ મહાનગરપાલિકામાં ન્યાયીક વાતાવરણમાં ચુંટણી યોજવા નિરીક્ષકોની નિમણૂંકો પહેલાથી જ કરવામાં આવી હતી. ચૂંટણી નિરીક્ષકકો દ્વારા ચુંટણી પ્રક્રિયા પર ચાંપતી નજર રાખવામાં આવી હતી.આજે મતદાન યોજાતાની સાથે જ છ મહાનગરપાલિકાની ૫૬૮ બેઠકો માટે ૧૮૫૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. છ મહાનગર પાલિકાઓના કુલ ૧૪૩ વોર્ડની ૫૬૮ બેઠકો પર જે તે પક્ષ ઉપરાત અપક્ષ અને અન્ય સાથે કુલ ૧,૮૫૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. છ મહાનગરપાલિકામાં કુલ ૯૫,૯૦, ૫૫૨ મતદારો નોંધાયા હતા. જેમાં ૫૧,૧૦,૭૧૩ પુરૂષ અને ૪૪,૭૯,૮૩૯ મહિલા મતદારો નોંધાયા હતા. જે પૈકી મોટી સંખ્યામાં મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણીઓ માટે મહાનગરપાલિકાના મતદાન મથકોની સંખ્યા ૧૨,૬૧૬ નોંધાઈ હતી. છ મહાનગરપાલિકાઓના નોંધાયેલા કુલ ૯૫,૯૦,૫૫૨ મતદારોમાંથી અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ ૩૯,૮૩,૫૮૯ મતદારો નોંધાયા હતા, જેમાં પુરુષ ૨૦,૯૫,૧૪૮ અને સ્ત્રી ૧૮,૮૮,૪૪૧ મતદારો નોંધાયા હતા.

### ભારે હોબાળો ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલા લોકોના નામ માત્ર અમદાવાદમાંથી કમી કરાયા છે. જો કે, લોકોએ લોકસભા તેમજ વિધાનસભા ચૂંટણીમાં જે જગ્યાએ મતદાન કર્યુ હતું તે બુથ પર જઈને પોતાનું નામ ચેક કરી રહ્યા છે પરંતુ કોર્પોરેશનની ચૂંટણીમાં બુથ પણ ફેરવાઈ ગયા હોવાથી લોકોને આમથી તેમ ફરવું પડ્યું હતું. એટલું જ નહીં, આ વખતે ચૂંટણી પંચ દ્વારા મતદારોને સ્લિપો પણ વહેંચવામાં ન આવતા લોકોને ક્યાં મત આપવા જવાનું છે. તેની જાણ જ નહોતી. ચૂંટણી પંચની નબળી કામગીરીને કારણે અનેક લોકોને મતાધિકારથી વંચિત રહેવું પડ્યું હતું. કેટલાક વિસ્તારોમાં તો મતદાર યાદીમાં નામ હોવા છતાં તેના પર ડિલીટના સિક્કા માર્યા હોવાથી પણ લોકો વોંટીગ નહોતા કરી શક્યા. મળતી માહિતી પ્રમાણે જ્યારે મતદારો મત આપવા જાય, ત્યારે બુથમાં તેમના નામ ડિલીટ થઈ ગયા હોય છે અને તેમના નામની સામે લાલ લીટો મારી દીધો છે.સ્થાનિક ચૂંટણી અધિકારી સાથે આ અંગે વાત કરતાં તેમણે આ મતદારોએ સ્થળાંતર કર્યું હોવાથી તેમના નામ કમી કરાયા હોવાનું જણાવ્યું હતું.

### ચૂંટણીપંચ સમક્ષ ● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદાનના અધિકારથી વંચિત રાખવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. કલેક્ટર ઓફિસે પણ આને લઈને દેખાવો કરવામાં આવ્યા હતા. ઘણી જગ્યાએ મતદાન મથકોથી લોકોને બહાર પણ કાઢવામાં આવ્યા હતા. કેટલાક નિષ્ણાતોએ એવી પ્રતિક્રિયા પણ આપી છે કે, લિસ્ટમાં ભુલથી સ્ટેમ્પ મુકીને મતદારોને વંચિત રાખી શકાય નહીં. કેટલીક જગ્યાએ પોલીસ ફોર્સને પણ બોલાવવામાં આવી હતી.

### તોડવાનું કામ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તોડવાનુ કામ બાકી છે. અલબત્ત નિકાલ હેઠળના ૮૦ ટકા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે બાકીનુ કામ આગામી બે મહીનામાં પુર્ણ કરી દેવામાં આવશે. સે-૭માં ૧૬૭૪ અને સે-૧૩માં ૧૩૦૦ જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. બીજીતરફ નિકાલ હેઠળના મકાનોની જગ્યાએ ટાવર કોલોની બાંધવાનુ આયોજન હજુ આખરી થઈ શકયુ નથી. ટાવર કોલોનીના લોકેશનને લઈને પણ પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે વિભાગ કક્ષાએથી આ અંગે યોગ્ય અભ્યાસ કરીને મંત્રી કક્ષાએ જાણ કરવામાં આવી છે. આગામી દિવસોમાં ટાવર કોલોનીના નિર્માણ માટે નવી જગ્યા નક્કી થયા બાદ જ આખરી આયોજન કરી શકાશે. સે-૨૯ અને ૩૦ ના બદલે સે-૭ અને સે-૧૩ માં પણ નવી સરકારી વસાહતનુ નિર્માણ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

### સર્વેલન્સમાં ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાત વ્યક્તીને કીકીનો રોગ જણાયો છે. ૩૬ લોકોની આંખો ત્રાંસી જણાઈ છે.

જિલ્લામાં આરોગ્યની સ્થિતિ કથળી રહી છે ત્યારે સ્વસ્થ જિલ્લો-સ્વચ્છ જિલ્લાનું સ્વપ્ર સાકાર કરવાનો પડકાર ગંભીર બની રહેશે. ૧૨૮ વ્યક્તીઓ વિકલાંગતાથી પિડાઈ રહી છે.

આરોગ્ય તંત્રએ દસ જેટલા મહત્વના રોગોને સર્વેલન્સમાં આવરી લીધા છે. જેમાં આંખ, ટી.બી., રક્તપિત્ત, ડાયાબીટીસ, કેન્સર, વાઈ, સહિતના રોગોનો સમાવેશ થાય છે. મલ્ટીપરપઝ હેલ્થ વર્કર દ્વારા રોજના ૩૦ પરિવારોને આ સર્વેલન્સમાં આવરી લેવાનો લક્ષ્યાંક અપાયો છે.

જિલ્લામાં નોંધાયેલા કુટુંબોની સંખ્યા ૩,૪૭,૫૮૬ છે અને વસ્તી ૧૫,૫૬,૯૭૮ છે. તંત્ર દ્વારા હાલ તો ૧૦ ટકા જેટલી જ કામગીરી થઈ છે. આગામી દિવસોમાં આ કામગીરીમાં ગતિ આવશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ ધરાવી રહ્યા છે.

### ચૂંટણી સંગ્રામ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વિસ્તારના સીમાંકનને લઈ બન્ને રાજકીય પક્ષોમાં કચવાટ છે. આ ચારેય બેઠકોના મતવિસ્તારો એકબીજામાં ક્રોસ થઈ રહ્યા છે, એટલુ જ નહિ અહિ નદી નાળાંઓને પણ પંચે ધ્યાને લીધા નહિ હોવાનું દુઃખ રાજકીય આગેવાનો બન્ને પક્ષના વ્યક્ત કરી રહ્યા છે.

આ ચારેય બેઠક પર વિકાસની વાત સાથે બધાજ ઉમેદવારો પ્રચાર કરી રહ્યા છે તે એક નોંધનીય છે. અહિ ઉમેદવારો દ્વારા મોડી રાત સુધી ગૃપ બેઠકો કરી અને મિત્રમંડળનું રાજકારણ ખેલવાના માહીર છે.

અહિના ઉમેદવારો સંગઠ્ઠનક્ષેત્રમાં કામ કરી ચુક્યા છે એટલુ જ નહિ સહકારી ક્ષેત્ર સાથે પણ સંકળાયેલા હોઈ જંગ વધુ રોચક બન્યો છે. કોંગ્રેસના કિલ્લા તરીકે આ વિસ્તારની ઓળખ રાજકીય વર્તુળોમાં વધુ છવાયેલી છે પણ અહિ ભાજપે પણ તેનું સંગઠ્ઠન વિસ્તાર્યું છે.

આ ચારેય બેઠક પર ૬૦ ટકાથી વધુ મતદાન થવાની આશા બધા ઉમેદવારોએ વ્યક્ત કરી જણાવ્યું છે કે મતદારો તરફથી તેમને મળી રહેલા પ્રતિસાદને જોઈ તેઓ આ વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.

ઉમેદવારોએ વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે જો કે બધાએ જણાવ્યું હતુ કે અમે આશાવાદી છીએ પણ આગાહીમાં માનતા નથી. રાજકીય આગેવાનો અને રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી છે કે ચારેય બેઠકો પર કાંટે કી ટક્કર છે. વિજયની સરસાઈ ૧ હજારથી ૧૫૦૦ની વચ્ચે જ હશે.